परमगुरुश्री केवलविजयदादा गुरुभ्यो नमः

શ્રી નેમિનાથજીનો
નવરસો તથા ચોક.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

મહેતા નાગરદાસ પ્રાગજીભાઈ

ઠે. દોશીવાડાની પોળ.

મુ. અમદાવાદ.

આવૃત્તિ પહેલી પ્રત ૧૦૦૦

વીર સં. ૨૪૫૫ વિક્રમ સં. ૧૯૮૪ સને ૧૯૨૮

ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસમાં પટેલ મૂળચંદભાઈ ત્રીકમલાલે

છાપ્યું, ઠે. પાનકોર નાકા—અમદાવાદ.

ઉત્તમોત્તમ જૈન પુસ્તકો.

પર્વતિથિના સ્તવનાદિનો સંગ્રહ... ...	...૧-૪-૦
વિવિધપૂજા સંગ્રહ ભાગ ૧-૨-૩-૪... ...	...૨-૦-૦
સિદ્ધાચલજીનું વર્ણન...	...૦-૪-૦
કેવળકૃત નેમવિવાહ	...૦-૨-૦
સુધારસ સ્તવન...	...૦-૨-૦
સુધારસ શાસ્ત્રી...	...૦-૫-૦
સ્થાપનાજી...	...૦-૧-૦
તીર્થંકરના લોકીટની બુકો...	...૦-૩-૦
સાપડા ઇંચ ૪-૮...	...૦-૪-૦
" " ૩-૬...	...૦-૨-૦
" " ૧॥-૩...	...૦-૧-૦
પંચ પ્રતિક્રમણ અર્થ સહિત...	...૧-૮-૦
પંચ પ્રતિક્રમણ પોકેટ સાઇઝ...	...૦-૧૦-૦
પંચ પ્રતિક્રમણ વિધિ સહિત...	...૧-૪-૦

તે સિવાય અમારે ત્યાં જૈનધર્મના તમામ જાતના પુસ્તકો તથા ફોટો ગ્રાફો વિગેરે મળશે.

લખો:—

મહેતા નાગરદાસ પ્રાગજી

ઠે૦ દોશીવાડાની પોળ, ડેલાનો ઉપાશ્રય.

અમદાવાદ.

શ્રી નેમિનાથજીનો

નવ-રસો.

ઢાળ પહેલી. (રાગ ગરબાની દેશી.)

સમુદ્રવિજય કુળચંદલો, શામળીયાજી;
શિવા દેવી માત મલ્હાર, વર પાતલીયાજી,
એક દીન રમવા નિસર્યા, શામળીયાજી;
આવ્યા આયુધશાલા માંહે, વર પાતલીયાજી. ૧

સારંગ ધનુષ ચઢાવીયું, શામળીયાજી;
તેણે ડોલ્યા આકાશે ઇંદ્ર, વર પાતળીયાજી,
ચક્ર ઉપાડીને ફેરવ્યું, શામળીયાજી;
ગદા લીધી કર માંહેજ, વર શામળીયાજી. ૨

નેમે શંખ બજાવીયો, શામળીયાજી,
તેણે ડોલ્યા મહીના મેર, વર પાતલીયાજી;
શેષ નાગ તિહાં સળસળ્યા, શામળીયાજી;
ખળભળીયા સાયર સર્વ, વર પાતળીયાજી. ૩

ગિરિવર ટુંક તુટી પડયા, શામળીયાજી,
થર થર કંપે લોક, વર પાતળીયાજી;
કોઇક વૈરી ઉપન્યો, શામળીયાજી;
ઇમ કરતાં કૃષ્ણ વિચાર, વર પાતળીયાજી. ૪

આવ્યા તિહાં ઉતાવલા, શામળીયાજી;
જીહાં છે નેમ કુમાર, વર પાતળીયાજી,
રૂપચંદ રંગે મલ્યા, શામળીયાજી,
તાહરૂં બળ જોવાની ખંત, વર પાતળીયાજી. ૫

ઢાળ બીજી. (રાગ ગરબાની દેશી.)

કૃષ્ણે કર લંબાવીયો, હસી બોલોને;
તુમે વાળો નેમકુમાર, અંતર ખોલોને,
કમળ નાળ પરે વાળીયો, હસી બોલોને;
ક્ષણ નવિ લાગી વાર, અંતર ખોલોને. ૧

નેમે કર લંબાવીયો, હસી બોલોને;
કૃષ્ણે નવિ વાલ્યો જાય, અંતર ખોલોને.
હાથે કૃષ્ણ હિંચોલીયા, હસી બોલોને;
તિહાં હરિ મન ઝંખો થાય, અંતર ખોલોને. ૨

નારી જો પરણાવીયે, હસી બોલોને;
તો બળ ઓછેરૂં થાય, અતંર ખોલોને.

ઇમ વિચારી કૃષ્ણજી, હસી બોલોને;
નિજ અંતે ઉર સમજાય, અંતર ખોલોને. ૩
વિવાહ નેમ મનાવવા, હસી બોલોને;
સજ્જ થાઓ સઘળી નાર, અંતર ખોલોને.
રૂપચંદ રંગે મળ્યા, હસી બોલોને;
તારૂં અતુલી બળ અરિહંત, અંતર ખોલોને. ૪

ઢાળ ત્રીજી. (રાગ ઉપરનો.)

રાધાજી ને રૂકિમણી, મોરા ગિરધારી,
સત્યભામા જાંબુવંતી નાર, મુકુટ પર હું વારી,
ચંદ્રાવતી શણગારીએ, મોરા ગિરધારી,
ગોપી મલી બત્રીશ હજાર મુકટ પર હું વારી. ૧
વિવાહ માનો નેમજી દેવર મોરાજી.
મને કરવાના બહુ કોડ, એ ગુણ તોરાજી.
નારી વિનાનું આંગણું દેવર મોરાજી,
જેમ અલૂણું ધાન, એ ગુણ તોરાજી. ૨
નારી જો ઘરમાં વસે, દેવર મોરાજી.
તો પામે પરોણા માન, એ ગુણ તોરાજી.
નારી વિના નર હાળી જીસા, દેવર મોરાજી.
વળી વાંઢા કહેશે લોક એ ગુણ તોરાજી. ૩

છોકરવાદ ન કીજીએ, દેવર મોરાજી.
તમે મ કરો તાણુતાણુ એ ગુણુ તોરાજી.
રૂપચંદ રંગે મલ્યા, દેવર મોરાજી.
હવે ઉત્તર આપે નેમ એ ગુણુ તોરાજી. ૪

ઢાળ ચોથી. રાગ ગરબાની દેશી.

નેમ કહે તમે સાંભલો, મોરી ભાભીજી.
એ કિશ્યો કામ વિકાર, મેં ગત પામીજી.
નારી મોહે જે પડયા, મોરી ભાભીજી;
તે રડવડીયા ગતિ ચાર, મેં ગત પામીજી. ૧

રાવણુ સરિખો રોળંચ્યો, મોરી ભાભીજી;
જે લઈ ગયો સીતા નાર, મેં ગત પામીજી.
નારી વિષની કુંપલી, મોરી ભાભીજી.
માયાની મોહન વેલ, મેં ગત પામીજી. ૨

છપ્પન કોડી જાદવ મિલ્યાં; મોરી ભાભીજી.
ઇમ કહેતે વારોવાર, મેં ગત પામીજી;
રૂપચંદ રંગે મળ્યા, મોરી ભાભીજી,
નેમ નહિ પરણે નિરધાર, મેં ગત પામીજી. ૩

ઢાળ પાંચમી. રાગ ગરબાની દેશી.

અવલા બોલ ન બોલીયે, વરરાજાજી.
તમે પરણો નેમકુમાર, મ કરો દવાજાજી.
એકવીશ તીર્થંકર થયા, વરરાજાજી.
તે તો સર્વ પરણ્યા નાર મ કરો દવાજાજી. ૧
નારી ખાણુ રતન તણી વરરાજાજી.
તેનું મૂલ્ય કેણે નવિ થાય મ કરો દવાજાજી.
નારી માંહેથી નર નીપન્યા વરરાજાજી.
તુમ સરીખા શ્રીભગવાન મ કરો દવાજાજી. ૨
નેમ ન બોલે મુખ થકી વરરાજાજી.
માંડયું વિવાહનું મંડાણ મ કરો દવાજાજી;
ઉગ્રસેન ઘર બેટડી વરરાજાજી,
તે નામે રાજુલ નાર, મ કરો દવાજાજી. ૩
લીધું લગન ઉતાવલું, વરરાજાજી,
આપ્યાં લીલાં શ્રીફળ હાથ, મ કરો દવાજાજી,
જમણ લાડુ લાપસી, વરરાજાજી,
વળી સેવઈયો કંસાર, મ કરો દવાજાજી. ૪
આછી જલેબી પાતલી, વરરાજાજી.
વલી માંહે ઘેવરનો ભાગ, મ કરો દવાજાજી.
ખારી પુરી ને દહીંથરા, વરરાજાજી.
વળી ખાજાને મગદલ, મ કરો દવાજાજી. ૫

લાખણુસાઇ રેશમી, વરરાજાજી.
માંહે મોતીચુરનો સ્વાદ, મ કરો દવાજાજી,
કૂર રાંધ્યો કમોદનો, વરરાજાજી.
માંહે મસૂરની દાલ, સબળાદીવાજાજી. ૬
ખારેક ખજુરને ટોપરાં, વરરાજાજી.
વળી ચારોળી ને દ્રાખ, સબળ દીવાજાજી.
લવીંગ સોપારી એલચી વરરાજાજી.
વળી પાનનાં બીડાં સાર, સબળાદીવાજાજી. ૭
સજ્જન કુટુંબ સંતોષીયા; વરરાજાજી;
બહુ કીધી પહેરામણી સાર સબળાદીવાજાજી.
જાન લઇ યાદવ ચઢયા વરરાજાજી.
વલી પાખરીઆ કેકાણ, સબળાદીવાજાજી. ૮
હાથી રથ શણુગારીયા વરરાજાજી.
વળી કેશરીયા અશ્વાર, સબળાદીવાજાજી.
ઇંદ્ર જોવાને આવીયા, વરરાજાજી.
ઇંદ્રાણી ગાવે ગીત, સબળાદીવાજાજી. ૯
તોરણ આવ્યા નેમજી વરરાજાજી.
તેને નીરખે રાજુલ નાર સબળાદીવાજાજી.
રૂપચંદ રંગે મળ્યા, વરરાજાજી.
એ જોવા સરખી જાન, સબળાદીવાજાજી. ૧૦

ઢાળ છઠી. (રાગ ઉપરનો)

સખી કહે વર શામળો, એ દીસેજી.
તે દીસે રાજુલ નાર, હઇડું હીસેજી.
કાળા ગયવર હાથીયા, એ દીસેજી.
વળી કાળો મેઘ મલ્હાર, હઈડું હીસેજી. ૧
કાળી અંજન આંખડી, એ દીસેજી.
તેનું મૂલ કેણે નવિ થાય. હઇડું હીસેજી.
કાલી કસ્તુરી કહી, એ દીસેજી.
કાળા કૃષ્ણાગરૂ કેશ, હઇડું હીસેજી. ૨
રૂપચંદ રંગે મળ્યા, એ દીસેજી.
સખી શામળીયો ભરથાર હઇડું હીસેજી. ૩

ઢાળ સાતમી (રાગ ગરબાની દેશી)

પશુઅ પોકાર સુણી કરી, શુધ લીધીજી,
વિચારે શ્રીવીતરાગ, તેણે દયા કીધીજી.
જો પરણુ તો પશુ મરે શુધ લીધીજી;
મૂકી અનુકંપા જાળ, તેણે દયા કીધીજી. ૧
ઇમ જાણી રથ વાળીયો, શુધ લીધીજી.
ફેરવતાં દીન દયાળ, તેણે દયા કીધીજી.
પશુ બંધન સર્વ તોડીયાં શુધ લીધીજી.
તે સર્વ ગયા વનમાંહે, તેણે દયા કીધીજી. ૨

રૂપચંદ રંગે મળ્યા, શુધ લીધીજી.
પ્રભુ દીધું વરસીદાન, તેણે દયા કીધીજી. ૩

ઢાળ આઠમા (રાગ ઉપરનો)

રાજેમતી ઘરણી ઢળ્યાં, મોરા વ્હાલાજી.
અવગુણ વિણ દીનાનાથ, હાથ ન ઝાલ્યોજી.
આંગણુ આવી પાછા વળ્યા, મોરા વ્હાલાજી.
ક્ષત્રિય કુલમાં લગાવી લાજ હાથ ન ઝાલ્યોજી. ૧
તમે પશુ તણી કરૂણા કરી, મોરા વ્હાલાજી.
તમને માણુસની નહિ મહેર હાથ ન ઝાલ્યોજી,
આઠ ભવ થયાં એકઠાં, મોરા વ્હાલાજી,
કીધાં તુમશું રંગરોળ, હાથ ન ઝાલ્યોજી. ૨
નવમે ભવે તમે નેમજી, મોરા વ્હાલાજી;
મુજને કાં મેલી જાઓ, હાથ ન ઝાલ્યોજી,
મારી આશા અંબર જેવડી, મોરા વ્હલાજી;
તમે કેમ ઉપાડી કંથ, હાથ ન ઝાલ્યોજી. ૩
મેં કૂડા કલંક ચઢાવીયાં, મોરા વ્હાલાજી;
નાખ્યા અણુદીઠા આળ; હાથ ન ઝાલ્યોજી.
મેં પંખી ઘાલ્યાં પાંજરે, મોરા વ્હાલાજી;
વળી જળમાં નાખી જાળ, હાથ ન ઝાલ્યોજી. ૪
મેં સાધુને સંતાપીઆ, મોરા વ્હાલાજી,
મેં માય વિછોડયા બાળ, હાથ ન ઝાલ્યોજી;

મેં કીડી દર ઉઆડીયાં, મોરા વ્હાલાજી;
વળી મરમના બોલ્યા બોલ, હાથ ન ઝાલ્યોજી. ૫
અણુગળ પાણી મેં ભર્યાં, મોરા વ્હાલાજી;
મેં ગુરૂને દીધી ગાલ, હાથ ન ઝાલ્યોજી;
મેં કઠિણ કર્મ કીધા હશે. મોરા વ્હાલાજી;
તે આવી લાગ્યાં પાપ, હાથ ન ઝાલ્યોજી. ૬
ઈમ કરતાં રાજુલ આવીયાં, મોરા વ્હાલાજી,
શ્રીનેમીશ્વરની પાસ, હાથ ન ઝાલ્યોજી,
રૂપચંદ રંગે મળ્યા, મોરા વ્હાલાજી
રાજુલે લીયો સંયમ ભાર હાથ ન ઝાલ્યોજી. ૭

ઢાળ નવમી (રાગ ગરબાની દેશી)

શ્રી નેમ રાજેમતી એકઠાં, સાહેલડીયાં,
જઇ ચઢીય શ્રીગિરનાર, જિન ગુણ વેલડીયાં;
પૂંઠેથી રાજુલ રીઝાવીયાં, સાહેલડીયાં,
સંજમ વતી રાજકુમાર, જિનગુણ વેલડીયાં. ૧
આજ્ઞા લેઇ રાજુલ એકલી, સાહેલડીયાં;
ગિરનાર ઉપર ગુફા માંહે જિનગુણ વેલડીયાં,
વાટે જાતે વર્ષા થયો સાહેલડીયાં;
ભીંજાણા રાજુલના ચીર, જિનગુણ વેલડીયાં. ૨
ગુફા માંહે જઈ સુકવ્યાં, સાહેલડીયાં,
લાગું તે કાચું નીર, જિનગુણ વેલડીયાં
અતિ સુકુમાલ સોહામણું, સાહેલડીયાં,

રાણી રાજીમતીનું શરીર　　　જિનગુણ વેલડીયાં. ૩
રહનેમિ તપસ્યા કરે,　　　સાહેલડીયાં,
દેખી રાજેમતી નિચોવે ચીર,　　　જિનગુણ વેલડીયાં,
પ્રગટ થઇ તે બોલીયો,　　　સાહેલડીયાં,
ભાભી મ કરો મન ઉદાસ,　　　જિનગુણ વેલડીયાં. ૪
નેમ ગયો તો ભલું થયું,　　　સાહેલડીયાં.
આપણે કરશું ભોગવિલાસ,　　　જિનગુણ વેલડીયાં.
ઉત્તમ કુળમાં ઉપનો,　　　સાહેલડીયાં,
તું બોલ વિચારી બોલ,　　　જિનગુણ વેલડીયાં. ૫
સંયમ રત્નને હારીયા　　　સાહેલડીયાં,
વળી કીધી વ્રતની ઘાત,　　　જિનગુણ વેલડીયાં,
રહનેમિ તવ બોલીયા　　　સાહેલડીયાં,
માતા રાજીમતી ઉગાર　　　જિનગુણ વેલડીયાં. ૬
નેમીશ્વર કને મોકલ્યા　　　સાહેલડીયાં,
ફરી લીધો સંયમ ભાર　　　જિનગુણ વેલડીયાં;
નેમ રાજુલ કેવળ લઇ　　　સાહેલડીયાં
પહોતા મુકિત મોઝાર　　　જિનગુણ વેલડીયાં. ૭
પીયુ પહેલાં મુગતે ગયાં　　　સાહેલડીયાં,
રાજીમતી તેણી વાર　　　જિનગુણ વેલડીયાં;
રૂપચંદ રંગે મળ્યા　　　સાહેલડીયાં,
પ્રભુ ઉતારો ભવપાર　　　જિનગુણ વેલડીયાં. ૮

ઇતિ સમાપ્ત

શ્રી નેમનાથની સજઝાય.

નેમ નેમ કરતી નારી, કોઇની ન ચાલી કારી;
રથ લીધો પાછો વાળી રે, સાહેલી મોરી.
કરમે કુંવારા રહ્યા રે; સાહેલી મોરી.
મનથી તો માયા મુકી,સુની તો દીસે સેજલડી,
હવે મારૂં કોણ બેલીરે, સાહેલી મોરી.
ચિત્ત મારૂં ચોરી લીધુ, પ્રીતિથી પરવશ કીધું,
દુ:ખડું તો અમને દીધુંરે સાહેલી મોરી.
જાવમાં જાદવરાયા, આઠે ભવની મુકી માયા,
આવો શીવાદેવી જાયારે, સાહેલી મોરી.
આજતો બની ઉદાસી, તુમ દરિસન દો પ્યાસી,
પરણવાની હોતી આશીરે સાહેલી મોરી.
માછલી તો વીણુ નીર, બચલી તો રાખી ક્ષીણ,
દા’ડા કેમ જાસે પીયરીયે સાહેલી મોરી.
જોતા નવિ મળી જોડી, આઠે ભવની પ્રીતિ તોડી,
બાલપણે ગયા છોડીરે સાહેલી મોરી.
જોબન્યું તો કેમ જાશે, સ્વમિ વિણ કયમ રે’વાશે
દુ:ખડા કેને કહેવાશે સાહેલી મોરી.
દેહીતો દાઝે છે મોરી, સ્વામી શું વિસારી મેલી,
તમે જીત્યા મને તારીરે સાહેલી મોરી.
પશુડા છોડાવી લીધા, પ્રભુએ અભય દાન દીધાં,

ઉદાસી તો અમને કીધારે, સાહેલી મોરી.
રાજુલ વીચારે એવું, સુખ છે સ્વપ્ના જેવું.
હવે પ્રભુ નેમ સેવુંરે સાહેલી મોરી.
વનમાં વૈરાગ્ય આણી, સેસાવન ગયા ચાલી
સંજમ લીધો મન ભાવીરે. સાહેલી મોરી.
કરમનો કરીને નાશ, જઇ પહોંચ્યા શીવપુર વાસ,
રત્નવિજય કહે શાબાશરે સાહેલી મોરી.

છઠ્ઠા આરાની સજઝાય.

છઠ્ઠો આરો એવો આવશે જાણુશે જિનવર દેવ
પૃથ્વી પ્રલય થાશે વરશાશે વિરૂવામેહ,
રે જીવ! જિન ધર્મ કિજીએ. ૧
તાવડે ડુંગર તરડસે વાએ ઉડી ઉડી જાય,
ત્યાં પ્રભુ ગૌતમ પૂછીઓ. પૃથ્વી બીજે કેમ થાય. ૨
વૈતાઢ્યગિરીનામે શાશ્વતિ ગંગા સિંધુ નદી નામ,
તેણે એકે બહુ ભેખડ બોંતેર બીલનીખાણુરે. ૩
સરવે મનિસ તિહાં રેહસે મનખા કેરીખાણ,
સોલ વરસનું આઉખું મુંઢા હાથની કાયરે. ૪
છ વરસની સ્ત્રી ગર્ભ ધરે દુઃખી મહા દુઃખ થાય.
રાતે ચરવા નિકળે દિવસે બિલ માંહે જાયરે. ૫

સરવ ભખી સરવ માછલાં મરી મરી દુર્ગ ગતિ જાય.
નવ નારિ હોશે બહુ દુરગંધિત સકાયરે. ૬
પ્રભુ બાલની પરે વિનવું છઠે આરે જનમ નિવાર,
કાંતિવિજય કવિરાયનો મેઘ ભણે સુખ માલ રેજીવ,

ત્રિશલા માતાની સજઝાય.

શીખ સુણો સખી માહરી બોલોને વચન રસાળ,
તુમ કુખડીએરે ઉપજ્યા સૌભાગી સુકુમાળ,
ત્રિશલા ગરભને સાચવે, ૧
તીખું કડવું કસાયલું ખાટા ખારાની જાત,
મધુરા રસ નવિ સેવિએ વપુ મલય પરિહાર ત્રિશલા. ૨
અતિ ઉનું અતિ શિયલડુ નયણે કાજળ રેખ,
અતિભોજન નવી કીજીયે તેલ ન ચોપડીયે રેખ. ત્રિશલા.૩
સ્નાન વિલેપણ તાહરૂં મન જાણી દુખમાંય,
હળવે મધુરે બોલીયે, આસી સુખની વાડ. ત્રિશલા ૪
ગાડા વેહેલ વિંડોળતા ધબધબ બંધન ચાલમ ચાલ,
અતી શિયળ જગ સેવના વિણસે પુત્રના કાજ; ત્રિશલા ૫
જેમ જેમ દોહલા ઉપજે તેમ તેમ દેજો બહુમાન.
ભોગ સંયોગ ને વારજો હોશે પુત્ર નિદાન,
ત્રિશલા૦ ૬
એણી પરે ગર્ભને પાળતાં પુત્ર થયો શુભ ધ્યાન,

સંઘમાં જેજેરે સહુ કરે હીરવિજય ગુણ ગાય.

ત્રિશલા૦ ૭

તેર કાઠીયાની સજઝાય.

ચેતન તું તારૂં સંભાળકે ક્યાંથી આવીયો,
ક્યાંરે જવાનો વિચાર કે કેમ બેસી રહ્યો. ૧
ઘર લાગ્યું છે તારૂં ઓલવતો કાં નથી.
પછી થાશે વિનાશ કે ચોરના ભય થકી. ૨
તેર કાઠીયા નિત્ય તારૂં હરણ કરે,
ક્રોધ માન માયા લોભ કે જઇને એમ કહે; ૩
એનો માલ અનગળકે ચોકી વીના રહે,
આપણે કરોને વિચાર કે જઇયે એને ઘરે ૪
મોહરાયની ધાડ પડી એને ઘેર જઇ,
જ્ઞાન દ્રવ્ય તેણે લીધું ત્રણે રત્ન સહી ૫
પછી થયો નિરધન કે દારિદ્ર રિષયો,
જ્ઞાની બોલે એમ વાણી એનો માલ બહુ ગયો. ૬
ક્યો કરે છે રોજગાર દેવાલું કુંકીયું,
અધોગતિનું દુઃખ તેણે બહુ વેઠીયું. ૭
સુક્ષ્મ બાદર પજ્જ અપજ્જ નિગોદમાં
પૃથ્વી પાણી તેઉ વાઉકે વનસ્પતિમાં ૮
કાળ અનંતા અનંત કે ઉંચો આવીયો

શ્રાવક કુલ સહિત મનુષ ભવ પામીયો ૯
દેવ ગુરૂ સંજોગ દ્રષ્ટાંત દશે ભલા.
પૂર્વ વિચારીને જોયકે દુઃખ નિરધન તણા ૧૦
હવે હું ક્ષણ એક ગાફલમાં નવી રહું;
ચંદ્રપ્રભુ અવધાર કે સેવા નિત્ય કરૂં; ૧૧
ભાવે કરી ભવસાગરે કર્મ કથા કહી;
તુમે છો જ્ઞાની ભંડાર સકલ ગુણે સહી ૧૨

શ્રીશંખેશ્વરપાર્શ્વનાથનું

સ્તવન. (રાગ—મહાવીર પ્રભુ ઘરે આવે.)

નિત્ય સમરૂ સાહેબ સયણા,
નામ સુણતાં શીતલ વયણાં,
ગુણ ગાતાં ઉલસે નયણાંરે
શંખેશ્વર સાહિબ સાચો બીજાનો આસરો કાચોરે
શંખેશ્વર સાહિબ સાચો, ૧
દ્રવ્યથી દેવ દાનવ પૂજે
ગુણ સંચિત સુથાગ લીજે
અરિહા પદ પરીમલ છાજે
મુદ્રાપદમાં સત રાજેરે શંખેશ્વર૦ ૨
સમ વેગ તજી ઘરવાસો
પ્રભુ પાર્શ્વના ગણધર થાશો

તવ મુકિતપુરીમાં જાશો
ગુણ લોકમાં વયણા ગવાશોરે શંખેશ્વર૦ ૩
અને દામોદર જીન વાણી
અસાડી શ્રાવક જાણી
જિન વંદી નીજ ઘર આવે
પ્રભુ પાર્શ્વની પ્રતિમા ભરાવેરે. શંખેશ્વર૦ ૪
ત્રણ કાલજે ધુપ ઉવેખે. ઉપગારી શ્રી જિન સેવે.
પછી તેહ વૈમાનિક્ષ થાવે તે પ્રતિમા પણ તિહાં લાવેરે શં. ૫
ઘણાં કાળ પૂજી બહુ માને, વળી સુરજ ચંદ્ર વિમાને;
નાગ લોકનાં કષ્ટ નિવાર્યા, જ્યારે પાર્શ્વપ્રભુજી પધાર્યારે શં ૬
એ દુશ્મન રહ્યો રણુ ઘેરી, જીત્યા નવ જાયે વૈરી
જરાસંઘ જરા તવ મેલી, હરીબળ વિના સઘળા ફેરીરે શં. ૭
નેમીશ્વર ચોકી વિલાસી, અઠ્ઠમ કરે વનમાળી;
તુઠી પદમાવતી બાળી, આપે પ્રતિમા ઝાક ઝમાલીરે શં. ૮
પ્રભુપાર્શ્વની પ્રતિમા પૂજી, બલવંત જરા તવ ધ્રૂજી;
છંટકાવ નવણુ જળજોતી, જાદવની જરાજાય જોતીરે. શંખેશ્વર.૯
શંખ પૂરીને સૌને જગાવે, શંખેશ્વર ગામ વસાવે;
મંદીરમાં પ્રભુ પધરાવે, શંખેશ્વર નામ ધરાવેરે. શંખેશ્વર. ૧૦
રહેજે જિનરાજ હજુરે, સેવક મનવાંચ્છિત પૂરે;
એ ભેટણુ પ્રભુજીના કાજે, શેઠ મોતીભાઈના રાજેરે. શં. ૧૧
નહાના માણેક કેરા નંદ, સંઘવી પ્રેમચંદ વીરચંદ,
રાજનગરથી સંઘ ચલાવે, ગામે ગામના લોક મળીઆવેરેશં.૧૨

અઢાર અઠ્ઠોતેર વરશે, ફાગણ વદી તેરસ દિવસે,
જિન વંદીને આનંદ થાવે; શુભવીર વચન રસ ગાવેરે. શં૦ ૧૩

પાર્શ્વસ્તુતિ.

ગયા ગંગાતીરે, અવધિબલથી નાગ જલતો,
દીઠો દીધી શિક્ષા, તપસી જન તે ક્રોધ કરતો;
નિયાણું બાંધીને મરી કમઠ થઇ કષ્ટ કરતો,
કરૂણાવારિધે! પ્રભુ! નમું નમું વાર સતસો. ૧

પાર્શ્વનાથનું સ્તવન.

ગંગા તટે તપોવનમાંરે બની રચના ભારી;
પંચ અગ્નિથી તપતોરે તાપસ બહુ અહંકારી. ગંગા. ૧
પાર્શ્વકુંવર આવી કહે સુણ તપસી એક વાત
આવડી તપસ્યા કયા કરે જીવ બળે સાક્ષાત
જાણ્યા વિના તપ ફળરે નથી કામ શુભકારી
અજ્ઞાનીની તપસ્યારે દુરગતી અધિકારી. ગંગા. ૨
તવ તટકી તાપસ કહે સુણ તું રાજકુમાર
અશ્વ ખેલાવી જાઈ કરી શું જાણે તપસ્યા સાર
તવ અગ્નિ બલતોરે કઢાવ્યો પન્નગ ભારી
નવકાર સુણાવીરે કીધો ઇન્દ્ર અવતારી, ગંગા. ૩
કમઠકાર જોગી ચ્યવી થયો તે મેગકુમાર
પાર્શ્વ પ્રભુની ઉપરે વરસાવે જલધાર

પૂર્વ ભવ વૈરેરે	કરે ઉપસર્ગ ભારી
ઇંદ્રાસન ચલીયોરે	જુવે અવધિ ધારી ગંગા. ૪
ધરણેંદ્ર પદમાવતી	આવ્યા તિહાં તતકાલ
ઊંચી પીઠ રચી કરી	થાપ્યા ત્રિભુવનપાસ
ફણી છત્રની છાયરે	પ્રભુ મસ્તક ધારી
કષ્ટ કર્મને જાણીરે	દીયે શિક્ષા ભારી. ગંગા. ૫
ઓગણીસે એકાવને	અહમદનગર સતવી સાલ
બાલમિત્રની અર્જથી	થાપ્યા ત્રીભુવનપાશ
મેં જાણ્યો ભવિ ગાવેરે	સુણો તમે નરનારી
કહે હંસવિજયજીરે	પામો તમે ભવપારી. ગંગા. ૬

ઇતિ

દશ તીર્થંકરોની સ્તુતિ.

વસંતતિલકા

દીક્ષા ગ્રહિ પ્રથમ તીર્થ તમેજ સ્થાપ્યું,
કૈ ભવ્યનું કઠણુ દુઃખ અનંત કાપ્યું.
એવા પ્રભુ પ્રણમીયે પ્રણયે તમોને
મેવા પ્રભુ શિવતણા અર્પો અમોને ૧
ભવ્યો રૂપી કમળને વિકસાવનારા
ભાવો સમસ્ત જગના વળી જાણનારા,

કર્મો થકી અજિતને નમીને ઉમંગે,
રહેવા ચહું અહર્નિશ પ્રભુ આપ સંગે ૨
ભવ્યો તણી સકળ ભીતિ નિવારનારી,
વાણી વિભુ! પિયૂષના સરખી તમારી,
તે દેશના સમયની હજુ જે વિહારી,
બુદ્ધિ કરો સરળ સંભવનાથ! મારી. ૩
અંભોનિધિ વિધુ થકી પ્રસરાય જેવો,
સ્યાદ્વાદ વિસ્તૃત કર્યો જગમાંહી તેવો.
તે પ્રેમથી પ્રણમીયે અભિનંદનસ્વામી,
મુક્તિ મહંત સુખ દાયક આજ પામી. ૪
સંધ્યા સમે રવિ જતાં શશી બહાર આવે,
બંને તણા કિરણ જયું નભને દીપાવે,
દેવો તણા નમનથી થઇ તેવી કાંતિ,
તે શ્રી પ્રભુ સુમતિના ચરણેજ શાંતિ ૫
મોહાદિ વૈરિ હણવા વપુ લાલ કીધું,
તેને હણી ક્ષણિકમાં શિવ સુખ લીધું,
તે પતિના ચરણમાં મધુઓ બનીને
રહેવું ગમે અહર્નિશે અમને રમીને ૬
સંઘો રૂપી ગગન મંડળ માંહિ વ્યાપી.
ને સૂર્યની જયમ રહી ગઇ વાત કાપી,
જેના પ્રતાપ બળથી મઘવા નમે છે,
તે શ્રીસુપાર્શ્વ ચરણો અમને ગમે છે ૭
ફીકો પડે રવિ થતા જગ ચંદ્ર તે કયાં

જે શુકલધ્યાન સરખું પ્રભુ મુખ તે ક્યાં,
જે દેવતા મનુજના મનને હરે છે.
તે નાથ ચંદ્ર ચરણે ચિતડું ઠરે છે ૮
હસ્તે રહી અમલ નીર જણાય જેવું
ધ્યાને કરી નિરખતાં જગ સર્વ તેવું
આનો પ્રતાપ મહીમાં નવિ ચિંતવાએ,
તે શ્રીસુવિધિ ચરણે મન શાંત થાએ. ૯
વર્ષાવીને નવીન મેઘ તણીજ ધારા
પ્રાણી તણો પૂરણ હર્ષ વધારનારા,
સ્યાદ્વાદ અમૃત જરા અમ ઉર નાંખો,
તે ચર્ણમાં શરણ શીતલનાથ! રાખો ૧૦

શ્રી નેમિનાથની લાવણી. ચોક પહેલો

॥ શ્રી નેમિ નિરંજન બાલપણે બ્રહ્મચારી ॥ પ્રભુ સુખ પૂનમકો ચંદ, અતુલ બલધારી ॥ એ આંકણી ॥ લિયે બરાબરીકે મિત્ર, અતિ સુરસાલા ॥ રસરંગે આવે જદુપતિ આયુધ શાલા ॥ કહે મિત્ર સુણો પ્રભુ એ છે શંખ ઉદારા, નહિ ગિરધર પાખેં ઓર બજાવન હારા ॥ કરકમલેં લેકર શંખ બજાઓ ભારી ॥ પ્રભુ૦ ॥ ૧ ॥ સુણી શંખશબ્દકી ધુનિ અતિ વિકરાલ, ખલભલિયા શેષને ફણી સપ્તપાતાલ ॥ ચિત્ત ચમકા મનમેં ભવનપતિકા ઇશ. થરહર થરક્યાં ત્યાં

વ્યંતર પતિ બત્રીશ ॥ મૂકી નિજઠામને નાસંતી સુંરનારી॥ પ્રભુ૦ ॥ ૨ ॥ સાગર ગડયા ગિરિવર ને ડુંગર ડોલ્યા મોટા. ત્રોડી બંધનને નાઠા ગજરથ ઘોડા ॥ ઉછલિયાં સાયર નીર ચડયાં કલ્લોલે, ભાંગી તરૂવરની ડાલ થયા ડમ ડોલે ॥ ત્રૂટા વર મોતિહાર, ઝબુકી નારી ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ શશી સૂરજ તારા વૈમાનિકના સ્વામી ॥ સહુ કરે પ્રસંસા અહો પ્રભુ અંતર જામી ॥ પ્રભુ ચક્ર ફેરવી, કિયો ધનુષ ટંકારે ॥ ગિરધરની ગદા લેઇ કરમાં નેમ ફેરે ભંકારે ॥ કહે માણુક મુનિ વર ચિંતા ભઇ સુરારી ॥ પભુ૦ ॥૪॥

શ્રી નેમિનાથની લાવણી ચોક બીજો.

॥ ગુણવંતા શ્રી જિનરાય. સભાયેં આવે ॥ પ્રણામ કરી હરિ હેત, ધરી બોલાવે ॥ મન મોહન પ્રાણ આધાર, દરસન મુજ દીજેં ॥ હો બંધવ આપણ બલની, પરીક્ષા કીજેં ॥ તુમેં વાળો અમચો હાથ, વદે ગોપાલા ॥ પ્રભુ હરિનો વાળે હાથ, કમળ જ્યું નાળા ॥ શ્રી નેમતણું બલ દેખી, અચરિજ પાવે ॥ પ્રણામ૦ ॥ ૧ ॥ પ્રભુ લંબાવે નિજ હાથ, સકલ ગુણખાણી ॥ તિહાં કરે ખરાખર જોર, તે સારંગ પાણી ॥ ન નમે તિલમાત્ર લગાર, ટિકાયો ભારી॥ જાણે હિંડોળે હિંચતો, હોય ગિરધારી ॥ દેખી બલ અદ્ભુત તેજ, ચમકયો આવે ॥ પ્રણામ૦ ॥૨॥ હરિ બોલે

મધુરી વાણી, ભય મન આણી ॥ ભાંખે હલધરને એમ, નેમ બલ જાણી ॥ હો બાંધવ મ્હારા નેમ, શક્તિ અતિ મોટી ॥ મેં દીઠી નજર હજૂર, વાત નહિં ખોટી ॥ એ રાજતણાં તે કાજ, મેં બલા કહાવે ॥ પ્રણામ૦ ॥ ૩ ॥ એ મહાબલિયો બલવંત છે બાલે વેશે ॥ મુઝ રાજ ઊંલાળી એક, પલકમેં લેશે ॥ ઇમ કરતો મન આલોચ, મહીનો હાણી ॥ ઇણે અવસર બોલે દેવ; ગગનમેં વાણી ॥ કહે માણેક પ્રભુ સંયમ, લેશે ભાવે, ॥ પ્રણામ૦ ॥૪॥

શ્રી નેમિનાથની લાવણી. ચોક ત્રીજો

॥ હરખ્યો હરિ નિજચિત્ત સભામાં આવે, કહે રૂકમણીને નેમ વિવાહ મનાવે ॥ એ આંકણી ॥ અતિ સુંદર બાળા ભરજોબન મદમાતી, દીપે શશીવયણી સહસ બત્રીસ સોહાતી ॥ જીનજીનો ઝાલી હાથ હરિજી લાવે, નિજ મંદિર સુંદર અંતેઉરમેં આવે, બોલે પટરાણી આઠ દેવરને ભાવેં ॥ કહે૦ ॥ ૧ કોઇ છાંટે અબિર ગુલાલ કેસરનાં પાણી, કોઈ ઘાલે ગલામાં હાર પુષ્પના આણી ॥ રાધા ને રૂકમણી બોલે મધુંરી વાણી, હો દેવર મ્હારા પરણી જેં એક નારી ॥ તુમ જાદવકુલ શણગાર સમાન સોહાવે ॥કહે૦ ॥ ૨ ॥ મુખ મચકોડીને પ્રભુનો પાલવ ઝાલે, શામળિયા સુંદરી એક વિના કિમ ચાલે ॥ બહુ મલી કૃષ્ણની નાર

વરણવી કેતી, નકરોજી બાલક બુદ્ધ, ઓલંભા દેતી ॥ વનિતાનાં સુણી વચન મુખ મલકાવે ॥ કહે૦ ॥ ૩ ॥ બાળા સહુ બોલી મુખમલપતુ જાણી, માન્યોજી માન્યો નેમ પરણશે રાણી ॥ શ્રીસમુદ્રવિજયને કૃષ્ણજી એમ કહેતાં, સહુ કરે વિવાહની વાત આપણુ નથી લેતા ॥ કહે માણક પ્રભુને પદમણી પરણાવે ॥ કહે૦ ॥ ૪ ॥

શ્રી નેમિનાથની લાવણી. ચોક ચોથો.

॥ મલ્યો જાદવ કેરો વૃંદ છપન કુલ કોડે; પ્રભુ કરી શણગાર ને નેમ ચડયા વરઘોડે ॥ એ આંકણી ॥ તિહાં ભેરી નફેરી પંચ શબ્દ વજડાવે, મિલી બાલા કોકિલ. કંઠે મંગલ ગાવે ॥ કોઇ હાથી ઘોડે બેઠા રથ સુખ પાલે. પાયક અડતાલીશ કરોડ, તે આગલ ચાલે ॥ મલ્યા દશે દસાર હલધર, હરિજી જોડે ॥ પ્રભુ કરિ સાણગારને, નેમ ચડયા વરઘોડે ॥ ૧ ॥ વાજે તંબાલુ જરી ફરકે નીશાન, બહુ સાજન મહાજન જોર ચલાવે જાન ॥ એમ કરતાં પ્રભુજી ઉગ્રસેન ઘેર આવે, દેખી મુખ નાથનું રાજુલ મન સુખ પાવે ॥ તબ કરતે પશુઅ પોકાર લાખો કરોડે ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ છોડીને પશુનો વૃંદ રથડો વાલે, ઘર આવી પ્રભુજી દાનસંવત્સરી આલે ॥ સુંણી વાતને રાજુલ મૂર્છા ધરણી ઢળતી, હે નાથ શું કીધું કોડી વિલાપો કરતી ॥ લઈ સંયમ દંપતી કરમ કઠિનને તોડે ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ અબ ઉપનું

કેવલજ્ઞાન મુગતિમાં જાવે, પ્રભુ સિદ્ધ બુદ્ધ અજરામર પ-
દવી પાવે ।। ગુરૂ રૂપ કીરતિ ગુણ ગાતે રંગ સવાયા, મેસાણે
રહી ચૌમાસ શ્રીજિનગુણ ગાયા ।। મુનિ માણક લાવણી
ગાવે મનને કોડે ।। પ્રભુ કરી० ।।૪।। ઇતિ ।।

પ્રસ્તાવિક શ્લોક.

અહો શાંન્ત મુદ્રામઈ મૂર્તિ દેખી, નહિ શસ્ત્ર કે અસ્ત્રી તીહાં પાસ પેખી ।। મને મેં કૃપા સાગરાધારી ધન્ય, કરી સેવ દીઠા નહિ દેવ અન્ય ।। ૨ ।। નહિરાગકે દ્વેશના રાખનારા, તીંહા પેખીયા છીન્હે પાલનારા ।। નહિ ભિક્તિકારી સદા સુંખકારી, કૃપાળુ વિધિ દેખી યે પાપ કારી ।।૨।। નહિં બાથમાં નારકે હાથમાળા, નહિં શસ્ત્ર આયુધનાં કાંઇ ચાળા ।। વધુ શું વદુ દેવલોવીતરાગ. ભજી ભાવથી મેં લીધો મુકિત માર્ગ ।। ૩ ।।

જે વીર પાદો પ્રણુ મંતી નીત્યં, ધ્યાના સ્થીતા સં-
જમ યોગ મુક્તા ।। તેવીતસોકા પ્રણુમંતી લોકા, સંસાર
દુર્ગમ્ વિષ મંત રત્નં ।। ૧ ।।

ક્ષીતીમંડલ મુકુટં, ધારમીક નીકટં ।। વિશ્વ પ્રગટં, ચારૂ ભટં ।। ભવરેણુ સમીરં ।। જલનીધીતારં ।। સુરગીર ધીરં ગંભીરં ।। જગત્રયશરણું, દૂરમતિ હરણું ।। દુરધર ચરણું, સુંખકરણું ।। શ્રીપાર્શ્વજીનેંદ્રં, નતનાગીંદ્રં ।। નમતસુરેદ્રં, કૃતભદ્રં ।।૧।। ઇતિ સમાસઃ

રુ. દશ હજારની જરુર.

ભરૂચ પાંજરાપોળના આંધળા લુલાં

અને

અશક્ત જનાવરો માટે મદદ કરો.

! રૂ. પાંચ હજારની જરૂર. !

સર્વે સદ્‌ગૃહસ્થોને વિનંતિ કરવાની કે-આ શહેરમાં અપાશરાની નજીક છુટી જમીન રૂ. ૩૦૦૦ હજારમાં લીધી છે હવે તે જમીન ઉપર બાંધકામ કરવાનું છે. તો જે કોઇ સખી સદ્‌ગૃહસ્થ બાંધકામ કરવા માટે રૂ. ૫૦૦૦ આપશે તેનું કાયમી પાટીયું ચડાવામાં આવશે.

ગંધાર તીર્થ માટે

! રૂા. ૫૦૧ ની જરૂર. !

આ ગામ જાત્રાનું મથક છે અને **અમીજરા પાર્શ્વનાથ** બીરાજમાન છે. ત્યાં ધર્મશાળાની આજુબાજુ ઓરડીયો નંગ ૧૦ વધારવાની જરૂર છે તો જે ધણી રૂા. ૫૦૧ મોકલી આપશે તેમના નામનું કાયમી પાટીયું ઓરડીપર ચડાવવામાં આવશે.

જાત્રા જવા માટે ભરૂચથી મોટરનું સાધન છે. તો ખાસ કરીને જાત્રાનો લાભ લેશો.

વ્યવસ્થાપક

ચુનીલાલ રાયચંદ.

ભરૂચ બંદર

ઠે. શ્રીમાળી મહોલ્લો.